# રિયલ એસ્ટેટમાં રોકાણ : ૭૦ ટકા મહિલાઓની આ છે પહેલી પસંદગી

## સર્વે મુજબ સોનું, એસઆઇપી અને લક્ઝરી કરતાં પણ રહેણાકની પ્રૉપર્ટી ખરીદવામાં વધારે રસ

યુનિકૉર્ન સ્ટાર્ટઅપ નોબ્રોકર દ્વારા દેશની ૯૦૦૦ મહિલાઓના સર્વેક્ષણ મુજબ લગભગ ૭૦ ટકા મહિલાઓ રિયલ એસ્ટેટમાં રોકાણ કરવાનું પહેલા પસંદ કરે છે અને એમાં પણ રેસિડેન્શિયલ પ્રૉપર્ટી-ઘરમાં તેમને વધારે રસ હોય છે.

ગયા વર્ષે નવેમ્બરમાં, પ્રૉપટેક નોબ્રોકરે એક અબજ ડૉલરના વેલ્યુએશન પર રોકાણકારો પાસેથી ૨૧ કરોડ ડૉલર એકત્ર કર્યા હતા. એ ભાડા, ખરીદી, ઘર સેવાઓ, નાણાકીય સેવાઓ અને સમાજ વ્યવસ્થાપન જેવી મિલકત-સંબંધિત તમામ જરૂરિયાતોને પૂરી કરે છે.

નોબ્રોકરે જણાવ્યું હતું કે ૬૯ ટકા મહિલાઓ સોના, એસઆઇપી/સ્ટૉક્સ અને લક્ઝરી ફૅશનની તુલનામાં પ્રૉપર્ટીમાં રોકાણ કરવાનું પસંદ કરે છે.

આ સર્વે દિલ્હી-એનસીઆર, હૈદરાબાદ, બૅન્ગલોર, ચેન્નઈ, મુંબઈ અને પુણેમાં કરવામાં આવ્યો હતો.

લગભગ ૯૪ ટકા ઉત્તરદાતાઓ હાઉસિંગમાં રોકાણ કરવા માગતા હતા, જ્યારે છ ટકા કમર્શિયલ પ્રૉપર્ટીમાં અને ૮૦ ટકાથી વધુ મહિલાઓ માત્ર પોતાના વપરાશ માટે જ ખરીદવા માગતી હતી.

# બજેટની જાહેરાત દેશને આત્મનિર્ભર બનાવવા તરફી છે: પીયૂષ ગોયલ

## ઉત્પાદન આધારિત પ્રોત્સાહનો દ્વારા મજબૂત વિકાસ હાંસલ કરવાના પ્રયાસ

વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે સોમવારે જણાવ્યું હતું કે બજેટની જાહેરાતો અને ઉત્પાદન લિંક્ડ ઇન્સેન્ટિવ (પીએલઆઇ) યોજના જેવાં પગલાં દેશને આત્મનિર્ભર બનાવવા અને મજબૂત વિકાસ હાંસલ કરવાના પ્રયાસ છે. તેમણે એમ પણ કહ્યું કે ભારત આગામી દિવસોમાં ઊર્જા ઉત્પન્ન કરવા માટે એના પશુધન આધારનો ઉપયોગ કરવાની આશા રાખે છે. પીએલઆઇ સ્કીમ સહિત આત્મનિર્ભર ભારત કાર્યક્રમ એ આત્મનિર્ભર બનવાની દિશામાં અમારા પ્રયાસ છે એમ દુબઈ ખાતે ઇન્ડિયા પૅવિલિયન ખાતે તેમણે બોલતાં જણાવ્યું હતું.

# ફૅક્ટરીમાં અતિરિક્ત કર્મચારીઓની સેવા લો છો? વધારાના ડિડક્શનનો લાભ લેવાનું ચૂકતા નહીં



**ટૅક્સ રામાયણ**

**પરેશ કપાસી**

**બિઝનેસની** આવક ધરાવતા (પ્રોફેશનની નહીં) કરદાતાઓને અતિરિક્ત કામદારો પાછળ થતા ખર્ચનું ડિડક્શન આવકવેરા ધારાની કલમ ૮૦જેજેએએ હેઠળ મળે છે. આ કલમની જોગવાઈ મુજબ કૉર્પોરેટ અને બિન-કૉર્પોરેટ કરદાતા ડિડક્શન લઈ શકે છે. ભારતમાં બિઝનેસ કરનારા બિનરહીશ ભારતીય કરદાતા પણ એનો લાભ લઈ શકે છે.

જે કરદાતાને કલમ ૪૪એબી લાગુ પડતી હોય તેઓ એટલે કે જેમના અકાઉન્ટ્સનું અકાઉન્ટન્ટ પાસે ઑડિટ કરાવવું પડતું હોય તેમને પણ આ કલમ લાગુ પડે છે.

કરદાતાની કુલ આવકમાં બિઝનેસના નફાની આવક સામેલ હોય તેઓ આ ડિડક્શન લઈ શકે છે. અગાઉ કહ્યું એમ, પ્રોફેશન કરનારને આ ડિડક્શન મળતું નથી.

### અતિરિક્ત કર્મચારીની વ્યાખ્યા શું?

પાછલા વર્ષમાં જેમને નોકરીએ રાખ્યા હોય તે કર્મચારી, પરંતુ એમાં નીચે જણાવ્યા મુજબના લોકો સામેલ નથી...

- જેમનો એક મહિનાનો કુલ પગાર ૨૫,૦૦૦ રૂપિયા કરતાં વધારે હોય
- જેમની નિમણૂક પાછલા વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં ઓછા સમય માટે થઈ હોય (ઍપરલ અથવા ફુટવેઅર કે લેધર પ્રોડક્ટ્સનાં ઉત્પાદનની ફૅક્ટરી સંબંધે આ સમયગાળો ૧૫૦ દિવસનો છે)
- જે કર્મચારીઓને માન્યતાપ્રાપ્ત પ્રોવિડન્ટ ફંડ લાગુ પડતું ન હોય
- એ કર્મચારીઓ, જેમનું સંપૂર્ણ કન્ટ્રિબ્યુશન સરકારે એમ્પ્લૉઈઝ પેન્શન સ્કીમ હેઠળ ચૂકવ્યું હોય.

### અતિરિક્ત કર્મચારી પાછળના ખર્ચમાં કઈ વસ્તુઓ સામેલ ગણાય?

અતિરિક્ત કર્મચારી પાછળના ખર્ચમાં તેમને ચૂકવવામાં આવતું કુલ વેતન સામેલ હોય છે. જોકે પ્રવર્તમાન બિઝનેસમાં નીચે મુજબની સ્થિતિમાં અતિરિક્ત કર્મચારી પાછળનો ખર્ચ શૂન્ય ગણાશે...

- કર્મચારીઓની કુલ સંખ્યામાં કોઈ વધારો થતો ન હોય, અર્થાત્ પાછલા વર્ષમાં જોડાયેલા અને નીકળી ગયેલા કર્મચારીઓની સંખ્યા સમાન હોય
- વેતન અકાઉન્ટ પેયી ચેક મારફતે અથવા અકાઉન્ટ પેયી ડ્રાફ્ટ મારફતે અથવા અન્ય કોઈ ઇલેક્ટ્રૉનિક માધ્યમ (આરટીજીએસ, એનઈએફટી વગેરે) સિવાય કોઈ રીતે ચૂકવવામાં આવ્યું હોય.

### વેતનમાં કઈ વસ્તુઓ સામેલ ગણાય?

વેતનમાં કર્મચારીને કામના બદલામાં ચૂકવાયેલા અથવા ચૂકવવા નીકળતા મહેનતાણાનો સમાવેશ થાય છે. જોકે એમાં નીચે મુજબની વસ્તુઓ સામેલ નથી...

- નોકરીદાતાએ કોઈ પેન્શન ફંડ કે પ્રોવિડન્ટ ફંડ કે અન્ય કોઈ કાયદા હેઠળ કર્મચારીના લાભ માટેના અન્ય કોઈ ફંડમાં આપવામાં આવેલું કન્ટ્રિબ્યુશન.
- કર્મચારીને સેવાનિવૃત્ત કરતી વખતે ચૂકવવામાં આવેલી અથવા ચૂકવવાપાત્ર કોઈ પણ લમ્પસમ રકમ અથવા સુપરએન્યુએશન અથવા વૉલન્ટરી રિટાયરમેન્ટ.

### નિર્ધારિત ફૉર્મ એટલે શું?

ડિડક્શન ક્લેમ કરતી વખતનું ફૉર્મ ૧૦ડીએ છે.

### ડિડક્શન કેટલી રકમનું મળે?

જો કરદાતાએ તમામ શરતોનું પાલન કર્યું હોય તો તેઓ સતત ત્રણ વર્ષ સુધી અતિરિક્ત કર્મચારીને ચૂકવાયેલા વેતનના ૩૦ ટકા જેટલી રકમ ડિડક્શન તરીકે લઈ શકે છે.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે.
paresh.kapasi@mid-day.com
પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.